# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

**ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ**

**પ્રશ્નપત્ર - ૧**

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃતઃ** કારિયાણી : ૧૦, ૧૧, ૧૨ ગ.મ. ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. ભગવાનના સંતની સેવા કોને મળે છે ? (ગ.મ.૫૯/૪૭૦)**

જ. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે.

**૨. શુભ વાસનાના બળે કરીને કેવો નિશ્ચય રાખવો ? (ગ.મ.૪૭/૪૫૩)**

જ. શુભ વાસનાને બળે કરીને બ્રહ્મલોક કે ઈન્દ્રલોકના ભોગને ત્યાગ કરીને ભગવાનના ધામમાં પૂગવું, પણ વચમાં ક્યાંય ન રહેવું, એમ નિશ્ચય રાખવો.

**૩. વિષયની ઉત્પત્તિ શેના થકી થાય છે ? (ગ.મ.૨/૩૫૩)**

જ. વિષયની ઉત્પત્તિ તે તો ઈન્દ્રિયો થકી થાય છે.

**૪. તેજને વિષે મૂર્તિ છે તે કોણ છે? (મ.૧૩/૩૮૭)**

જ. જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રત અને કથાવાર્તાની તુલનાત્મક ચર્ચા કરો. (કા.૧૨/૨૪૬)**

જ. ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે, તો તેના સર્વે વિકાર ટળી જાય છે. જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહીં; તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહીં. અને તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાંખે તો પણ જેવું આવી ભગવદ્વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહીં થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.

**૨. 'સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.' (ગ.મ.૫૧/૪૫૮)**

જ. માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડાં દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

**૩. રાજનીતિ કેવી રીતે શીખવી ? સમજાવો. (ગ.મ.૧૨/૩૮૧)**

જ. પ્રથમ તો ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણવું. પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું ને ભગવાનની કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા, પણ ગ્રામ્યવાર્તા હોય તે સાંભળવા દેવી નહીં. તેમ જ ત્વચા તે ભગવાન ને ભગવાનના જન તેનો સ્પર્શ કરે, અને નેત્ર તે પરમેશ્વર ને તેના દાસ તેનું જ દર્શન કરે, અને રસના તે અખંડ ભગવદ્‌ગુણને જ ગાય ને ભગવાનનો પ્રસાદ હોય તેનો જ સ્વાદ લે, અને નાસિકા તે ભગવાનનાં પ્રસાદી જે પુષ્પાદિક તેનો જ સુગંધ લે, પણ કુમાર્ગે કોઈ ઇન્દ્રિયને ચાલવા દે નહીં. અને એવી રીતે જે વર્તે તેનો દેહરૂપી નગરને વિષે હુકમ કોઈ ફેરવે નહી, અને એવી રીતે પુરુષપ્રયત્ને યુક્ત જે વર્તે ને નાદારપણાનો સારી પેઠે ત્યાગ કરે એ જ કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સ્વભાવ જીત્યાનો અતિશય મોટો ઉપાય છે. અને એ પુરુષપ્રયત્નરૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે પુરુષપ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે, માટે પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે.

**૪ આજ્ઞા અને પ્રીતિમાં પરસ્પર શો સંબંધ છે ? ઉદાહરણ સહિત સમજાવો. (કા.૧૧/૨૪૩)**

જ. ગોપીઓએ એમ જાણ્યું જે, ભગવાનની મરજી વિના જો આપણે મથુરા જઈશું તો ભગવાનને આપણા ઉપર હેત છે તે ટળી જશે. માટે હેતનું એ જ રૂપ છે જે, જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે. અને જો પોતાના પ્રિયતમ પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહે રાજી જાણે તો છેટે રહે પણ કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહિ, એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહીં અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું. પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહીં. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

**૧. દસ-વીસ કાગદી લીંબું ચુસાવ્યાં હોય તે શેકેલા ચણા પણ માંડ માંડ ચાવે (ગ.મ.૧૩/૩૮૩)**

**દૃષ્ટાંત :** જેમ કોઈક પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે આખી સોપારી ભાંગી નાખતો હોય અને તે પુરુષને દસ-વીસ કાગદી લીંબુ ચુસાવ્યાં હોય પછી તે શેકેલા ચણા પણ માંડ માંડ ચાવે, તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડ માંડ જોવાય છે.

**સિદ્ધાંત :** દસ-વીસ લીંબુ ચુસ્યા પછી શેકેલા ચણા પોચા હોવા છતાં ચવાતા નથી. તેમ જેને ભગવાનની મૂર્તિ દેખાતી હોય તેને વિષયમાં ક્યાંય આસક્તિ રહેતી જ નથી. લીંબુ ચુસવાથી દાંત અંબાઈ જાય છે. તેમ મહારાજની મૂર્તિ જોવાથી ઈન્દ્રિયો વિષય સન્મુખ જઈ શકતી જ નથી.

**૨. આંબલીના કચૂકાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (કારિ.૧૨/૨૪૫)**

**દૃષ્ટાંત :** જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય, પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય; તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે. અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી.

**સિદ્ધાંત :** કારણ શરીરરૂપ જે માયા તે ટાળવી હોય તો સંત સમાગમ, પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન અને ભગવાનની કથાવાર્તામાં વિશ્વાસ રાખીને પ્રીતિથી સાંભળીએ તો કારણ શરીરરૂપ જે માયા છે તે બળી જાય છે અને નિર્વિષયી પણ થવાય છે.

**૩. કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથરો - નરમ દોરડી (ગ.મ.૩૩/૪૩૧)**

**દૃષ્ટાંત :** જેમ કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથરો હોય છે તેને વિષે નિત્યે પાણીને સિંચવું તેણે કરીને નરમ દોરડી છે તે પણ કાપા પાડે છે, તેમ જે સાધુ જ છે ને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે ? એ તો નિશ્ચય નાશ પામશે. માટે જેને નિષ્કામવ્રત રાખવું હોય તેને કહ્યા એવા જે ત્રણ ઉપાય તે દૃઢ કરીને રાખવા.

**સિદ્ધાંત :** નરમ વસ્તુ ઘણા કાળે કઠણ વસ્તુમાં કાપા પાડે છે. તેમ સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખવાથી સ્વભાવ ટળી જાય છે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. શાસ્ત્રીજી મહારાજને ખીચડીમાં ઝેર આપ્યું છતાં તેમના હૈયામાં કોઈ જાતનો ઘાટ ન થયો. (ગ.મ.૨૨/૪૦૮)**

**સંદર્ભ :** ભગવાનના દૃઢ ભક્ત છે, તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી.

**સમજૂતિ :** ભગવાનના દૃઢ ભક્ત કોઈપણ પ્રકારે થતી હાનિ કે વૃદ્ધિથી પર હોય છે. તેમને તો એક ભગવાનના ધામને વિષે નિવાસ કરવો છે. તે જ દૃઢ નિશ્ચય હોય છે.

**૨. અનેક વિઘ્નો આવવા છતાં ગોવિંદ સ્વામી શ્રીજીમહારાજને મળીને સાધુ થયા. (કા.૧૦/૨૪૨)**

**સંદર્ભ :** જેને જે વાતનો ઈશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તો પણ અંતરાયનો રોક્યો રોકાય નહીં, ત્યારે તેનો સાચો ઈશક જાણવો.

**સમજૂતિ :** નદીને સમુદ્રને મળવાનો ઈશક છે. તો માર્ગમાં આવતા પહાડો તથા અનેક અંતરાયોની રોકાઈ પણ રોકાતી નથી. તેમ ગોવિંદ સ્વામીને પણ ભગવાન ભજવાનો ઈશક હતો. તો સ્ત્રી કે ધન કોઈપણ તેમને રોકી ન શક્યાં.

**૩. ગુણાતીતાનંદ સ્વામીએ નીલ વાંદરા તરફ દૃષ્ટિ જવા ન દીધી. (મ.૬૩/૪૭૯)**

**સંદર્ભ :** જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો અંતઃકરણની વૃત્તિઓ તે જીવની જ વૃત્તિ છે. અને તેના ચાર ક્રિયાએ કરીને ચાર વિભાગ જણાય છે. અને તે અંતઃકરણમાં ને ઈન્દ્રિયોમાં જાણપણું છે તે જીવનું જ છે, તે ઈન્દ્રિયો-અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે ને જ્યાં ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે. અને જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહીં.

**સમજૂતિ :** અતિશય બળીયા જીવ હોય તે પોતાની ઈન્દ્રિયોને જ્યાં ઘટિત હોય ત્યાં જ જવા દે છે.

**૪. આપણી સભામાં કોઈ રાજકીય નેતાઓ આવે તો વિશેષ સન્માન કરવામાં આવે છે. (મ.૬૧/૪૭૪)**

**સંદર્ભ :** જે કોઈક સંસારમાં રજોગુણી મોટો મનુષ્ય કહેવાતો હોય ને તે જ્યારે સભામાં આવે, ત્યારે તેને આદર કરીને સર્વ સભાને મોઢા આગળ બેસાર્યો જોઈએ, અને એ વ્યવહાર છે, તે જ્ઞાની હોય, ત્યાગી હોય, તેને પણ રાખ્યો જોઈએ અને જો ન રાખે તો એમાંથી ભૂંડું થાય છે.

**સમજૂતિ :** લોકવ્યવહારે મોટો હોય, વિદ્વાન હોય, રાજા હોય એ સર્વેનો યથાયોગ્ય આદર સત્કાર કરવાથી આગળ જતાં આપણને કોઈ વિક્ષેપ થાય નહિ.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. માટે વૈરાગ્યનું બળ હોય અથવા ન હોય તો પણ જો ઇન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના નિયમમાં રાખે તો જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જિતાય છે તે થકી પણ તે નિયમવાળાને વિશેષે વિષય જિતાય છે. માટે પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને જ અતિ દૃઢ કરીને રાખવા. (ગ.મ.૧૬/૩૯૪)

૨. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે. (ગ.મ.૧૩/૩૮૪)

૩. એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજ્ય થતો નથી. (ગ.મ.૨/૩૫૪)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪ નવી આવૃત્તિના આધારે**

**(ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮, પરિશિષ્ટ-૧ ભાગ - ૩, ઉદ્‌ગીથ : ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ - ૪ ઉદ્‌ગીથ : ૩, ૪ અને ૫ આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શ્રીજીમહારાજે ધાર્મિક ક્ષેત્રે કરેલી ક્રાંતિ**

| | | |
|---|---|---|
| ૧. | ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. | ૨/૨૦૪ |
| ૨. | પાંચસો સંતોને પરમહંસ દીક્ષા. | ૨/૨૬૦ |
| ૩. | મહારાજ જગજીવનના યજ્ઞમાં પધારીને પશુ હિંસાનો કરેલો વિરોધ | ૨/૩૧૦-૩૧૩ |
| ૪. | જેતલપુરની વેશ્યા પાવન બને છે. - | ૨/૪૧૮-૪૨૦ |
| ૫. | બંસીધર સાથે શાસ્ત્રાર્થ - મદ્ય-માંસથી શક્તિની પૂજા કરનાર મ્લેચ્છ છે.- અહિંસક યજ્ઞનું પ્રતિપાદન | ૨/૪૨૪-૪૨૬ |
| ૬. | ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. - ગણિકાને શ્રીહરિએ બહેન તરીકે સંબોધી. | ૨/૪૨૯-૪૩૦ |
| ૭. | મહારાજ ગણિકાના આવાસે પધારે છે. - મુક્તાનંદ સ્વામી જેવું ગણિકાનું કલ્યાણ | ૨/૪૩૫-૪૩૭ |
| ૮. | (સાચી અહિંસા) નાર્મદાઈની અહિંસા એ અહિંસા નથી. | ૨/૪૭૩-૪૭૪ |
| ૯. | પડી વસ્તુ કોઈની હાથ ન ઝાલે રાજ. | ૩/૧૩ |
| ૧૦. | જોબન પગીને આગળ બોલાવો - જોબન ભક્તનો જન્મ - ધર્મએ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. | ૩/૬૧-૬૨ |
| ૧૧. | હોલિકા ઉત્સવનું રહસ્ય - ગાળો - અપશબ્દોના બદલે પ્રહ્‌લાદ જેવી ભક્તિ કરી શકીએ તેવી પ્રાર્થના કરવી. | ૩/૨૨૭-૨૨૮ |
| ૧૨. | કેવળ કર્મકાંડમાં જ બ્રાહ્મણપણું નથી. ભાગવતધર્મી થવું જોઈએ. | ૪/૪૦-૪૧ |
| ૧૩. | વાસુર ખાચર ભક્ત બને છે. રાજા અને પ્રજા બંનેને મહારાજ ધર્મ તરફ વાળે છે. અનીતિ છોડાવે છે. | ૩/૧૩૩ |
| ૧૪. | વાણીનો દોષ - સોમબા ફઈ મહારાજને મનાવવા જાય છે. | ૩/૩૫૨-૩૫૫ |

**૨. શ્રીહરિએ પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા**

| | | |
|---|---|---|
| ૧. | 'વાસુદેવ નારાયણમાં રહીને હું તમારી સેવા સ્વીકારીશ.' એભલ ખાચર અને પરિવારને મહારાજનું વચન. | ૨/૧૯૫ |
| ૨. | સીંજીવાડામાં બાપુભાઈના ભાવને વશ થઈ તેમની રસોઈ જમવા રોકાઈ ગયા. | ૨/૧૯૯ |
| ૩. | ડભાણના વિષ્ણુદાસના પુત્ર રઘુનાથદાસ અને બહેન અવલબાઈની વિનંતીને વશ મહારાજ ડભાણ પધાર્યા. | ૨/૨૦૧ |
| ૪. | બુધેજના હઠીભાઈની વિનંતીથી ગામને પાદરે તળાવ ખોદાવી ક્યારેય પાણી નહિ ખૂટે તેવા આર્શીવાદ આપ્યા. | ૨/૨૧૨ |
| ૫. | લાખા ખાચર ભાવથી જ મહારાજે સોનાને વાલની વાળી જેટલું કરી દીધું. | ૨/૨૧૫ |
| ૬. | સોરઠના પ્રેમી હરિભક્તોને વધુ સુખ મળે તે માટે જૂનાગઢ પાસે રસ્તામાં જ ખીચડી જમવા રોકાવાની હા પાડી. | ૨/૨૫૫ |
| ૭. | વિશ્રામ ભગતના મઠની ખીચડી જમ્યા. | ૨/૩૧૪ |
| ૮. | ભૂજમાં અન્નકૂટ ઉત્સવમાં બે સ્વરૂપે દર્શન દીધાં. હરિભક્તોની પ્રાર્થના સ્વીકારી. ભાઈઓ અને બહેનોની સભામાં જમવા બિરાજ્યા. | ૨/૩૨૭, ૩૨૮ |
| ૯. | કાલે ઉત્તરાયણ છે તેથી દીકરાને કહેજો કે કાલે તો નહિ જ જવાય. - ગંગામાના સંકલ્પને વશ મહારાજ | ૨/૪૧૧ |
| ૧૦. | જેતલપુરની ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. | ૨/૪૨૯ |
| ૧૧. | જીવણ ભક્તનો થાળ જમે છે. | ૨/૪૩૩ |
| ૧૨. | વહેલાલમાં મહારાજ અઢાર સ્વરૂપ ધારણ કરે છે. | ૨/૪૭૭ |
| ૧૩. | ધોતિયું ધોવા દે તો ભગવાન સાચા. | ૩/૧ |
| ૧૪. | હીરજીભાઈના સંકલ્પે ભૂજમાં કરેલો અન્નકૂટ ઉત્સવ | ૩/૨૨ |
| ૧૫. | હળવદના હરિભક્તોના પ્રેમને વશ એક મણ જેટલી સામગ્રી જમી ગયા. શિવશંકર જાનીનો થાળ જમ્યા. | ૩/૩૪ |
| ૧૬. | 'અમારે પણ આવવાના હેવા પડ્યા છે ! ' મામૈયાના ભાવને વશ થઈ રાત્રે દર્શન દેવા પધાર્યા. | ૩/૧૮૮ |
| ૧૭. | 'તમારી ગાળો અમને મીઠી મધ જેવી લાગી' - મહારાજ વજીબાને. | ૩/૨૩૦ |
| ૧૮. | દાદા ! હું તને મૂકીને ક્યાંય જઈ શકું જ નહિ. તમારો પ્રેમ મને કોઈ ઠેકાણે ટકવા દેતો નથી. | ૩/૨૬૪ |
| ૧૯. | જો અમે આ સ્વામી ભક્તને બધાં વસ્ત્રો તેમના પ્રેમને આધીન થઈને આપી દીધાં - તેથી નવાં વસ્ત્રો મળ્યાં - લગાડી રે પ્રીતિ લાલને ... કીર્તન સમયે બ્રહ્માનંદ સ્વામીને વસ્ત્ર આપતા. | ૩/૩૫૭-૩૫૯ |
| ૨૦. | 'પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે.' કુશળકુંવરબાના ભાવને પૂરો કરવા મહારાજે સ્વીકારેલું આમંત્રણ. | ૩/૪૦૦ |
| ૨૧. | સચ્ચિદાનંદ સ્વામીને નિરાવરણ દૃષ્ટિ આપી સુખ આપવાનો નિર્ધાર - ધરમપુરમાં જીવુબાની વાત સાંભળી. | ૩/૪૧૪ |
| ૨૨. | વિરહી દાદાની વાત સાંભળી મહારાજની આંખમાં આંસુ - અમારાથી પણ હવે નહીં રહેવાય. ગઢપુર વહેલા જવું પડશે. - ધરમપુરમાં જીવુબાની વાત સાંભળી મહારાજના ઉદગાર. | ૩/૪૧૪ |
| ૨૩. | વાંસદામાં જમ્યા પછી રાણીના કિંમતી અંબરથી મહારાજે હાથ લૂછી રાણીનો ભાવ પૂરો કર્યો. | ૩/૪૨૪ |
| ૨૪. | વાંસદામાં રાજાના સાફા પર ચાલીસ જોડ ચરણારવિંદ પાડી આપ્યા. | ૩/૪૨૫ |
| ૨૫. | વહેલાલમાં ગાડાવાળાની કેરીઓ સૌને જમાડી તેનો ભાવ પૂરો કર્યો. | ૪/૩૨ |
| ૨૬. | શ્રીજીમહારાજ પોતે અંતર્યામી છતાં આણંદના ભક્તોના ભાવ પૂરા કરવા આણંદ પધાર્યા. | ૪/૪૬-૫૩ |
| ૨૭. | આદરજમાં રતુ ખાંટ, તેમના માતુશ્રી અને બહેનનો ભાવ પૂરો કર્યો. | ૪/૮૧-૮૪ |
| ૨૮. | વહેલાલમાં જેસીંગભાઈના મનોરથ પૂરા કર્યા. | ૪/૩૪ |
| ૨૯. | ઉમરેઠમાં રૂપરામ ઠાકરનો ભાવ પૂરો કર્યો. | ૪/૪૧ |
| ૩૦. | દેવળિયામાં કેશાબા તથા જાલમસિંહના આગ્રહને વશ થઈ જમવા રોકાયા. | ૪/૭૫-૭૯ |

**૩. ઉત્સવપ્રિય શ્રીહરિ**

| | | |
|---|---|---|
| ૧. | અક્ષરબ્રહ્મ જન્મોત્સવ શરદપૂર્ણિમા. | ૨/૨૮૩ |
| ૨. | ભૂજમાં અન્નકૂટોત્સવ | ૨/૩૨૫-૩૨૭ |

૩. જેતલપુરમાં યજ્ઞ. ૨/૪૧૧-૪૩૯
૪. ભૂજમાં અન્નકૂટોત્સવ : આ. સં. ૧૮૬૬ ૩/૧૬-૨૨
૫. અગત્રાઈમાં જન્માષ્ટમી ઉત્સવ : પર્વતભાઈએ કરેલી તૈયારીઓ. ૩/૧૦૩
૬. કરિયાણામાં દશેરાનો ઉત્સવ સં. ૧૮૬૭ ૩/૧૧૦
૭. ગઢપુરમાં અન્નકૂટોત્સવ : આ. સં. ૧૮૬૭ જીવા ખાચરના દરબારમાં -ગઢપુર મહાજન સેવામાં - જીવા ખાચરની સેવાથી પ્રસન્ન મહારાજ ૩/૧૩૪-૧૩૭
૮. વરતાલમાં હરિજયંતી, એકાદશી અને પૂનમના ઉત્સવો. આ સં. ૧૮૬૭ - નારાયણગિરિના મઠનું પરિવર્તન. ૩/૧૬૧
૯. જન્માષ્ટમી ઉત્સવ : આ. સં. ૧૮૬૮ (કારિયાણીમાં) ૩/૧૭૧-૧૭૩
૧૦. સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ : આ. સં. ૧૮૬૮ ૩/૨૧૯-૨૨૮
૧૧. ગઢપુરમાં રથયાત્રા આ.સં. ૧૮૬૯ ૩/૨૩૯-૨૪૦
૧૨. દાદાના દરબારમાં રંગોત્સવ : આ. સં. ૧૮૬૯ ૩/૨૬૮-૨૭૦
૧૩. ગઢપુરમાં દિપાવલી અને અન્નકૂટના ઉત્સવો. લાડુબા, જીવુબાને શુકલ પક્ષના અને કૃષ્ણ પક્ષના ઉત્સવો કરવાની આજ્ઞા. આ.સં. ૧૮૭૦ ૩/૨૮૪-૨૮૫
૧૪. ગઢપુરમાં કપિલા છઠ્ઠનો ઉત્સવ. આ. સં. ૧૮૭૧ ૩/૩૫૯-૩૬૦
૧૫. વરતાલમાં દિવાળી અને અન્નકૂટ ઉત્સવો. આ. સં. ૧૮૭૧ વિરાટના હિંડોળે. ૩/૩૬૭-૩૭૦
૧૬. ગઢડામાં વસંતોત્સવ : આ સં. ૧૮૭૧ - મછિયાવમાં ફૂલદોલનો ઉત્સવ. ૩/૩૭૨-૩૭૭
૧૭. વડતાલમાં જન્માષ્ટમી અને દશેરાના ઉત્સવો : આ સં. ૧૮૭૨ ૩/૩૮૬-૩૮૮
૧૮. ધરમપુરમાં વસંતોત્સવ. ૩/૪૨૬-૪૨૭
૧૯. આદરજમાં અન્નકૂટોત્સવ આ.સં. ૧૮૭૫ ૪/૮૧

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. વરજાંગ જાળિયામાં હીરાભાઈએ રાખેલો દિવ્યભાવ (૩/૨૭૫-૨૮૩)** જાળિયામાં હિરાભાઈને ત્યાં મહારાજ મંદવાડગ્રહણ કરે છે - મંદવાડની તીવ્રતા - એ બધા બાયલા છે - મને પાશેર જલેબીની ના પાડો છો ? - ગંગાનું પાણી લાવો, અમારે નહાવું છે - આ ગાડાને ખેંચીને લાબું કરો. - નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન - આ ભગુજી તો સાવ ફોસી છે. - જાળિયાના ભક્તોએ નિર્દોષબુદ્ધિ રાખી છે.

**૨. શ્રીહરિ દ્વારા અધર્મ સર્ગનો નાશ**

૧. ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. ૨/૨૦૪
૨. મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા - શાસ્ત્રોક્ત રીતે હિંસાનો નિષેધ કર્યો. ૨/૩૧૧-૩૧૨
૩. કાળને મારે ડામવો છે - આજે ખાંડાના ખેલ ખેલવા છે. - ચાર પાડ્યા ચોકમાં - સાચી અહિંસા ૨/૪૬૯-૪૭૪
૪. પડી વસ્તુ કોઈની હાથે ન ઝાલે રાજ. ૩/૧૨-૧૩
૫. ડભાણમાં અહિંસામય યજ્ઞ - લુપ્ત થયેલા ધર્મનું પુનઃસ્થાપન કર્યું. ૩/૫૫
૬. સારંગપુરના ફૂલદોસઉત્સવ પ્રસંગે અહીં સ્ત્રી-પુરુષના ભેદ શું ? - મર્યાદાનું પાલન કરવું જ રહ્યું ૩/૨૨૧-૨૨૨
૭. જીભને નિયમમાં રાખવાની જરૂર છે. - સંયમ હશે તો ભક્તિ વધુ દીપશે. - સોમબા ફોઈને ઉપદેશ. ૩/૩૫૫

**૩. શ્રીજીમહારાજે ભાદરામાં કહેલો મૂળજી શર્માનો મહિમા**

૧. આ મૂળજીમાં મીઠાસ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય. ૨/૨૮૧-૨૮૩
૨. અમારી મૂર્તિ ભેગી આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટા મંદિરોમાં સ્થપાશે, પૂજાશે. ૨/૨૮૨,૨૮૩
૩. આજે શરદ પૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. ૨/૨૮૩
૪. મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે. ૨/૨૮૫-૨૮૬
૫. અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય. ૨/૨૮૭-૨૯૦

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **રહેશે તમારા મુખનું પાણી : (૩/૩૮૩-૩૮૫) પ્રસંગ :** ૧૮૬૯માં સુખાનંદ સ્વામી એકલા જેતલપુરથી નીકળી ને ગ્વાલિયર ગયા. આ તેમની જન્મભૂમિ હતી તેમણે પોતાની જ્ઞાતિને સત્સંગની વાતો કરી સત્સંગ તરફ વાળી હતી. તેઓ ફરતાં ફરતાં એક વખત વૃંદાવનમાં ગયા. ત્યાં એક કાયસ્થે રાધાકૃષ્ણનું આરસનું મંદિર બનાવ્યું હતું તે અભ્યાગતોને જમાડતો. સુખાનંદ સ્વામી તરફ તે આકર્ષાયો. સ્વામીએ મહારાજના મહિમાની ખૂબ વાતો કરી. તેથી તેને મહારાજનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. તેથી મહારાજ આજ્ઞા આપે તો પોતાની ત્યાં જવાની ઈચ્છા. કાયસ્થ શેઠે સુખાનંદ સ્વામીને મહારાજને ભેટ ધરવા માટે અત્તરની શીશી તથા મથુરાના પેંડા બંધાવી આપ્યા. સ્વામી ગ્વાલિયર આવ્યા. અહીં તેમનો દેહ પડી ગયો. તેથી તેમના બે ભાઈઓ અત્તરની શીશી લઈને વરતાલ આવ્યા. મહારાજે આ શીશીમાંથી જમણા હાથની અનામિકાથી દરેક સંતને નાકે અત્તર ચર્ચ્યું. પછી મંદ મંદ હસતાં સ્નેહભર્યા વેણે સંતોને નીરખતાં બોલ્યા : 'સંતો સાંભળજો ! બીજા ભેખ ધૂળધાણી થશે અને એક તમારા મુખનું જ પાણી રહેશે.

**મનન :** શ્રીજીમહારાજ કહેતા કે આ સાધુ અમે અક્ષરધામથી લાવ્યા છીએ. આખા બ્રહ્માંડમાં ધન-સ્ત્રીના ત્યાગી આવા શ્રીજીમહારાજના સંતો જેવા સંતો ક્યાંય શોધ્યા મળે તેમ નહોતા. તેથી મહારાજે કહ્યું તમારા મુખનું જ પાણી રહેશે.

૨. **મહારાજ સ્વયં રુદ્રાક્ષનો મણકો કંઠમાં પહેરે છે. (૩/૨૧૨-૨૧૪) પ્રસંગ :** નાગકડામાં મહારાજ સભામાં કહે છે : નાદરીમાં અમને શિવજીએ દર્શન દઈ કહ્યું : 'આપ આટલું વિચરણ કરો છો, ઉપદેશ આપો છો, આપના સંતો અપમાન, તિરસ્કાર અને માર સહન કરીને ભાગવત ધર્મના પ્રસારણ માટે શ્રમ કરો છો. છતાં વિધર્મીઓ, બાવાઓ, ઈર્ષ્યાળુંઓ આપના કાર્યમાં વિઘ્ન નાખી રહ્યા છે. એટલે તેમનો નાશ કરવા માટે મારા રૌદ્ર સ્વરૂપનો હું વિસ્તાર કરીશ. લોકોને ખાવા અન્ન નહિ મળે, પીવા પાણી નહિ મળે, સૂકા પાછળ લીલું બળશે, આપનો વિરોધ કરનારાઓનો નાશ થઈ જશે.' શિવજી અમારી ઈચ્છા અનુસાર આ સંહારલીલા પ્રસારશે. ત્યારે સુરાખાચરે કહ્યું : 'આપના ભક્તોની રક્ષા થશે કે નહીં ?' ત્યારે મહારાજે કહ્યું : 'અમારી આજ્ઞા પાળશો તો જ રક્ષા થશે. શિવજીએ કહ્યું છે કે તેમનું કાંઈ ચિહ્ન આપણા સંતોએ રાખવું. એટલે દરેક સંતો રુદ્રાશનો એક એક પારો ગળામાં પહેરે. રુદ્રાક્ષ શિવજીની આંખ છે. તેમાં તેજ ભર્યું છે, તે રાખવાથી શિવજીનો કોપ હળવો થશે.' સભામાં બેઠેલા મોતીરામ પાસે રુદ્રાક્ષની માળા હતી. તેના મણકા છૂટા કરી સંતોને એક એક પારો આપી કહ્યું : 'ગળામાં કંઠીની સાથે આ મણકો પહેરી રાખજો. શિવજી પ્રસન્ન રહેશે, કાળની ઝાળ હળવી બનશે, જ્યાં જાઓ ત્યાં સત્સંગી હોય કે ન હોય દરેકને ચેતાવી દેજો કે અનાજનો સંગ્રહ કરે, નહીં તો જીવવું કઠણ પડશે.' પોતે પણ રુદ્રાક્ષનો એક મણકો ગળામાં ધારણ કર્યો. પોતાની આજ્ઞામાં રહીને જગતનું સંચાલન કરતા દેવતાઓનું મહારાજે આ રીતે સન્માન કરી તેમનો મહિમા સૌને સમજાવ્યો.

**મનન :** પોતે સર્વ કર્તા-હર્તા હોવા છતાં પોતે જે દેવોને જે કાર્ય સોપ્યું છે. તેનો આદર કરે છે. શિક્ષાપત્રીમાં પણ તેમણે પંચ દેવોના આદરની વાત કરી છે. કોઈના તિરસ્કારની વાત નથી કરી. જ્યાં જેનું જે કાર્ય હોય ત્યાં તેના તે કાર્યને માન આપી તેના કાર્યમાં સહાયભૂત થવાય તે રીતે કાર્ય કરવું જોઈએ.

૩. **મૂળુખાચર નિર્વ્યસની થયા. (૨/૧૯૫-૧૯૭, ૨૦૬) પ્રસંગ :** મહારાજ 'મૂળખાચર, તમે વર્તમાન ધરાવી સત્સંગી થાઓ.'- મૂળુખાચર 'મારે હોકાનું અને અફીણનું બંધાણ છે તે નિયમ ન પળાય.' - સુરાખાચર 'એનાથી સત્સંગી નહિ થવાય. બંધાણ ભારે છે.' - મહારાજ 'ભલે હોકો પીએ, અફીણ ખાય પણ વર્તમાન ધરાવીને કંઠી પહેરે.' - મૂળુખાચરે વર્તમાન લીધા - મહારાજે ગુજરાત આવવા કરેલી આજ્ઞા - ઝીંઝાવદર અને કારિયાણીની વચ્ચે નિષ્કુળાનંદ સ્વામી અને વરદાનંદ સ્વામીએ મહારાજને નવરાવવાની વાત કરી. - મહારાજ 'પહેલાં મૂળુખાચરનો હોકો ધોવરાવો તથા બીજાને પાણી પાવ પછી અમે નાહીએ - 'ઓલ્યો હોકાવાળો સત્સંગી નથી લાગતો. સ્વામિનારાયણના સત્સંગી હોકા-બીડી પીવે નહિ.' - મૂળુખાચર 'આ હોકાએ મને સત્સંગી મટાડી દીધો

?' મૂળુખાચરે હોકો ફોડી નાખ્યો. - વરતાલમાં કાઠી હરિભક્તોના દર્શને સૌ આવવા લાગ્યા - 'કાઠી ભક્તો ભેળા આ આવ્યા છે, પણ સત્સંગી લાગતા નથી.' - બધુંય અફીણ ફેંકી દીધું - મહારાજ 'મૂળુખાચરના હોકાપાણીનો બરોબર બંદોબસ્ત થયો છે ને ?' - મૂળુખાચર ' મેં તો હોકોય ફોડી નાખ્યો અને અફીણે નાંખી દીધું' - 'હોકો કુસંગીના વચનથી ફોડ્યો અને અફીણ સત્સંગીના વચનથી મેલ્યું.'

**મનન :** ગમે તેવો જીવ હોય પણ ભગવાન અને સંત તેને સ્વભાવ સહિત પોતાના શરણમાં લે છે. સત્સંગના યોગથી વગર ઉપદેશે તેનું પરિવર્તન થઈ જતું હોય છે.

૪. **અમદાવાદના સૂબાના હાથ હેઠા પડ્યા.** (૨/૪૪૩-૪૪૫) વામાચારી બ્રાહ્મણોનું દુઃખ - સૂબો મહારાજને આમંત્રણ આપે છે. - સૂબાના હાથ હેઠા પડે છે. - કોઈના પતનમાં આપણે નિમિત્ત ન બનવું - મહારાજ દેવાનંદ સ્વામીને. - સૂબાનું ફરમાન - ઈડરિયા દરવાજેથી શહેર બહાર નીકળી જાઓ.

**મનન :** કોઈના પણ વિષે કોઈ ખોટી વાત કહે તો તેનો વિશ્વાસ ન કરવો. ભગવાન અને સંત આગળ નિર્માની થવું. ભગવાન અને સંતનો દ્રોહ કરવાથી વિનાશ થાય છે.

૫. **સર્વોપરી નિષ્ઠા કર્યા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ નહીં જ થાય.** (૩/૧૩) **પ્રસંગ :** સાંજે મહારાજ બહાર ગાડા ઉપર ગાદલું નખાવીને બિરાજમાન થયા. આત્માનંદ સ્વામીને પણ પોતાની બાજુમાં બીજા ગાડા ઉપર બેસાર્યા. પછી તેમને કહ્યું : 'હવે પ્રગટની વાત કરો.' એટલે આત્માનંદ સ્વામીએ મહારાજના મહિમાની વાતો કરી. સૌ હરિભક્તોને આત્માનંદ સ્વામીની વાતો સાંભળી આનંદ તો થયો પરંતુ મહારાજના સર્વોપરી સ્વરૂપના મર્મની વાતો ન આવી તેથી મનમાં વિચાર કરતા થયા. તેમનો ભાવ જાણી મહારાજે કહ્યું : 'અમારા સ્વરૂપનો યથાર્થ મહિમા જાણ્યા સિવાય કદાચ દેહ પડી જશે તો ફરી સત્સંગમાં જન્મ લેવો પડશે. પણ સર્વોપરી નિષ્ઠા દૃઢ કર્યા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ નહીં જ થાય. આત્માનંદ સ્વામીને પણ એવી નિષ્ઠા અમારા સાધુ કરાવશે.

**મનન :** અહીં મહારાજ સર્વોપરી નિષ્ઠાને મહત્ત્વ આપે છે. સર્વોપરી નિષ્ઠા થયા વગર દેહ પડી જાય તો ફરી જન્મ લેવો પડે એટલી આવશ્યક આ વાત છે. આત્માનંદ સ્વામીને પણ જ્યાં સુધી સર્વોપરી નિષ્ઠા ન થઈ ત્યાં સુધી મહારાજ ધામમાં લઈ ના ગયા. સ્વરૂપનિષ્ઠા તે એકડાને સ્થાને છે.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **બ્રહ્માનંદ સ્વામી**

૧. જીવુબા પાસેથી સીધા મહારાજ પાસે મને દીક્ષા આપો. - લાડુદાનમાંથી બ્રહ્માનંદ બન્યા. - પરણેતરને 'રે શિર સાટે નટવરને વરીએ...' ૨/૧૪૪
૨. હમીરખાચર અને દાહાખાચરને ક્ષત્રિયધર્મનો આપેલો ઉપદેશ - સત્સંગના નિયમ માથા સાટે રાખવનો સંકલ્પ ૨/૧૪૮
૩. લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે. - માંડવીમાં મહારાજે ભગવાન બનાવ્યા - ૨/૩૧૮-૩૨૧
૪. જીવણ કોળીનો મઠનો રોટલો જમતા મહારાજને પેટમાં ન દુઃખે માટે યુક્તિથી રોટલો માગી લીધો. ૨/૪૩૪
૫. ડભાણના યજ્ઞની સામગ્રી કેવી રીતે આવી ? બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને આપેલો અહેવાલ. ૩/૫૦-૫૧
૬. 'મહારાજ મને બેરખો કેમ માર્યો ?' - તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે.... - નિષ્કપટભાવ. ૩/૧૩૮-૧૩૯
૭. ઉપાસનાનું રહસ્ય - આપનું સ્વરૂપ જેમ ગહન તેમ આપની વાતો પણ ગહન. ૩/૨૧૬-૨૧૭
૮. કોઈ દેખતા હો તો મારી સતાર લાવો - રસકસ વગરના ભોજનથી આવેલું રતાંધળાપણું. ૩/૨૬૭
૯. 'લગાડી તેં પ્રીતિ લાલ રે ...' મહારાજને રીસ ચડી હતી તે મનાવવા બ્રહ્માનંદ સ્વામીએ કરેલો પ્રયત્ન. ૩/૩૫૬-૩૫૮
૧૦. આ રસમૂર્તિના રસદર્શનમાં સદા અતૃપ્ત જ રહેવાય છે. - ૩/૩૬૭
૧૧. સ્વાદને અર્થે મૂર્તિ ભૂલીને જમે તો દેહને અસર કરે - બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નનો શ્રીહરિએ કરેલો ઉત્તર ૩/૩૭૫
૧૨. દેવીપુત્તરને તો દેવીપુત્તર જ જવાબ આપે. ૩/૩૭૬-૩૭૭
૧૩. માથાના મોવાળા ઊભા થાય એવો રસ છે. ૪/૪૧
૧૪. આજ ઇડરિયો ગઢ જીત્યા - બ્રહ્માનંદ સ્વામીની રમૂજ ૪/૫૧

૧૫. મનુષ્ય બનવા પ્રયત્ન કરીશું - નિર્વિકલ્પાનંદની ઈર્ષાથી મહારાજની ઉદાસીનતા - ભગવાન પણ પોતાનો તે સ્વભાવ છોડી શકતા નથી. - અમે શું કરીએ, કેમ વર્તીએ તો આપ સત્સંગમાં રહો. ૪/૬૮,૮૩-૮૪
**વ્યક્તિત્વનું આલેખન :** વિદ્વાન, રમૂજ સ્વભાવવાળા, મહારાજ આગળ નિષ્કપટભાવે વર્તનાર, રમૂજમાં સાચી વાત કહેનાર, મહારાજની રુચિ જાણી વર્તનારા,

**૨. ગવૈયા દેવાનંદ સ્વામી**

૧. ધરમપુર જતાં દેવાનંદ સ્વામી માંદા પડ્યા - ગુણાતીતાનંદ સ્વામી સેવામાં રોકાયા. ૩/૪૦૨
૨. સ્વામીની સેવાથી પ્રસન્ન થયેલા દેવાનંદ સ્વામી મહારાજની પ્રસાદીની ડગલી આપવા અને ગાન વિદ્યા શીખવવા તૈયાર થયા. ૩/૪૧૩
૩. દેવાનંદ સ્વામીની ગાયકી આગળ ધરમપુરના ગવૈયાના અરમાન ઊતરી ગયા. ૩/૪૧૬
**વ્યક્તિત્વનું આલેખન :** પોતાની સેવા કરનારને કાંઈક આપી રાજી કરવાના સ્વભાવવાળા, ગાનવિદ્યામાં નિષ્ણાત, દરબારી ગવૈયાઓ પણ તેમની પાસે હારી જાય. મહારાજની પ્રસન્નતા માટે જ ગાનવિદ્યા.

**વિભાગ - ૩ : ‘યોગીજી મહારાજ’ નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર.૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. આકરી કસોટીની સરાણ ઉપર**

૧. આકરી તાવણી સર્વાંગ સાધુપણું - ગુરુના પ્રકોપ વચ્ચે શાંત, ધીર ગંભીર - સહિષ્ણુતાએ સાધુપણાનું ઝળહળતું પાસું - શિક્ષાપત્રીનો શ્લોક કોઈ મારે, ગાળ દે તો સહન કરવું. ૪૫
૨. દરબાર રસોઈના સીધામાં ઘી આપવાનું ભૂલી ગયા તેનો દંડ યોગીજી મહારાજને વેઠવો પડ્યો. ૪૬-૪૭
૩. યોગીજી મહારાજે જૂનાગઢ નજીકના સ્ટેશને સામે લેવા આવવા હરિભક્તોને પત્ર લખ્યો હતો છતાં કોઈ ન આવ્યું. તેનો ગુસ્સો વિજ્ઞાનદાસે યોગીજી મહારાજ પર ગાળોનો વરસાદ. ૪૭-૪૮
૪. સુથાર ભક્તને અફીણનું વ્યસન - છૂટે નહીં - વિજ્ઞાનદાસ દ્વારા છોડાવવાનો પ્રયાસ - યોગીજી મહારાજને તેની સ્થિતિથી દયા - થોડું લાવી આપવા બીજા ભક્તને વિનંતી - વિજ્ઞાનદાસને જાણ - સ્વામીશ્રીને ઠપકો, માર. ૪૯
૫. યોગીજી મહારાજની લોકપ્રિયતાની વિજ્ઞાનદાસને ઈર્ષા - યોગીજી મહારાજની જમવાની તૈયારીને - ઉપવાસ આપ્યો. ૪૯
૬. જમવાની તૈયારી યોગીજી મહારાજે કરી ત્યાં વિજ્ઞાનદાસ સ્વામીએ ‘સ્વામીની વાતો’ ચોથા પ્રકરણની ૧ થી ૧૦ બોલવાની આજ્ઞા - પત્તર પાણીથી ભરી દીધું - વાતોમાં ભૂલ પડે તો વેલણથી પ્રહાર. ૫૦
૭. મીરસાપુરમાં વિજ્ઞાનદાસ દ્વારા એકાએક ઉપવાસની આજ્ઞા. ૫૦
૮. અસત્યનો આશરો લઈ વિજ્ઞાનદાસ સ્વામી પોતાનો દોષ યોગીજી મહારાજ પર ઢોળતા. - નાથાભાઈ કોશ લઈને દાદર પરથી પડ્યા. ૫૧
૯. સાણસીથી પગની પીંડી પર ચીપટી - ચામડી સાથે માંસ બહાર - લોહીની ધાર - બેભાન શિષ્યને મૂકીને કઠોર હૃદયી ગુરુ ચાલ્યા ગયા. ૫૨
૧૦. વિજ્ઞાનદાસ સ્વામીએ સોખડાના મંદિરમાં ખુલ્લા મેડા ઉપરથી યોગીજી મહારાજને ધક્કો મારીને મંદિરના ફળિયામાં ફેંકેલા. ૫૨
૧૧. અંધ સંત ભગવત્સ્વરૂપદાસને મેડા પરથી નીચે પછાડ્યા. ૫૩
૧૨. વિનુભગતે યોગીજી મહારાજની પગની પીંડીના ઘા બાબત પૂછયું - કોઈને નહીં કહેવાની શરતે વિજ્ઞાનદાસ સ્વામીએ આપેલાં કષ્ટોની વાત કરી. ૫૫
૧૩. ડાંગરામાં રણછોડ ભક્તના કારજ પ્રસંગે ગાળોની વર્ષા અને માર. ૫૬-૫૭
૧૪. ગુરુની ગાળો, માર વચ્ચે પણ યોગીજી મહારાજની સહનશીલતા, નિર્માનીપણું અને ક્ષમાભાવનાના ગુણો ઉપસી આવે છે. ૫૭

**૨. યોગીજી મહારાજ પ્રત્યે અન્ય ધર્મ ગુરુઓનો આદર**

૧. વૈષ્ણવાચાર્ય ગોસ્વામી દીક્ષિતજી મહારાજને સ્વામીનો ગુણ આવતાં મહિને એક વખત સંતોને શાસ્ત્રીય જ્ઞાનનો લાભ આપવા તૈયાર થયા. ૨૫૧

૨. જગન્નાથપુરીના શંકરાચાર્ય નિરંજનદેવતીર્થ : ભગવાન સ્વામિનારાયણ અને યોગીજી મહારાજનું કાર્ય હિન્દુધર્મને પોષણરૂપ છે. ૨૫૨
૩. નડિયાદ સંતરામ મંદિરના મહંત : આપ સ્વામિનારાયણ ધર્મમાં દેદીપ્યમાન સૂર્યસમાન છો. ૨૫૨
૪. ભેટ મૂકવા યોગ્ય આપ ઈશ્વરમૂર્તિ સંત છો. જલારામબાપાની ગાદીના વારસ ગિરધારીલાલ બાપા. ૨૫૨-૨૫૩
૫. આપના સાન્નિધ્યમાં આવતા સંકલ્પ-વિકલ્પ વિરામ પામે એ જ આપની ઓળખ - ચાંપારાજપુર પાસે ભીડભંજનની જગ્યાના મહંત. ૨૫૪
૬. આપ તો સમર્થ ભાગવતરૂપ સંત છો - ડોંગરેજી મહારાજ. ૨૫૪
૭. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ જેવું જીવંત અને મૂર્તિમાન મંદિર આપ્યું છે. યોગીજી મહારાજ ચલપ્રતિમા છે. તે કેવળ વ્યક્તિ નથી, સંસ્થા છે. - દ્વૈતમતાવલંબી મધ્વ સંપ્રદાયના પ્રખર વિદ્વાન ગોપાલાચાર્ય. ૨૫૪
૮. ભગવાનનું કે ભક્તિનું વર્ણન કરવાની લાયકાત તો નથી પણ યોગીજી મહારાજના આશીર્વાદ છે કે અમે ભગવાનનું વર્ણન કરી શકીએ - યોગીબાપા આપે છે તે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ આપે છે એમ હું સમજું છું - પાંડુરંગ આઠવલેજી. ૨૫૫
૯. યોગીજી મહારાજ દૃષ્ટિ દ્વારા હજારો ભક્તોને એકી સાથે મળી લેતા - ભગવાન પાસે માગવા જેવી ત્રણ વસ્તુ છે. શ્લોક-ભાગવતના, પુણ્યશ્લોક-સ્વામીશ્રી યોગીજી મહારાજ બાપા જેવા પુરુષ અને ઉત્તમશ્લોક - ભગવાન. તેમાં પણ માગવા જેવા તો એક યોગીજી મહારાજ છે. કેમકે બાપાના મુખમાં શ્લોક અને હાથમાં ભગવાન છે - કૃષ્ણશંકર શાસ્ત્રી. ૨૫૬
૧૦. મોક્ષ, બ્રાહ્મીસ્થિતિ કે પરમપદનું સુભગ દર્શન મને અહીં લાધ્યું છે - સ્વાર્થી સંસારમાં સદ્ભાગ્યે આપ જેવા વિરલ સંત કોઈ મળી આવે, જે વગર પરિચયે આવો નિઃસ્વાર્થ નિર્દોષ પ્રેમ આપી શકે છે. - હું કયા શબ્દોમાં સ્વામીજીના મહિમાનું ગાન કરું ? એમનું ચુંબકીય સ્વરૂપ અસીમ છે - સ્વામી વિદેહાનંદજી. ૩૦૪-૩૦૫
૧૧. યોગીરાજ તો હમારે થે ! ઈસલિયે શ્રદ્ધાંજલિ સભા હમ ભરેગેં - સ્વામી શિવાનંદજી. ૨૮૨
૧૨. તેમને કોઈ ભેદબુદ્ધિ નહોતી. ગૃહસ્થ, સંન્યાસી, વૈરાગી કે સ્વામિનારાયણનો અનુયાયી હોય પણ યોગીરાજ બધામાં આત્મભાવ જોનારા હતા - સ્વામી શિવાનંદજી. ૨૮૩
૧૩. ભગવાન ને સંત અંતર્ધાન થતા જ નથી. પ્રગટ જ હોય છે. સદા સાથે જ છે - મણિનગર સંસ્થાના આનંદપ્રિય સ્વામી ૨૮૩
૧૪. યોગીજી મહારાજે ધર્મનું સાચું હાર્દ પ્રગટ કર્યું છે. ધર્મના આચરણ દ્વારા ભગવાનને અનુભવ્યા હોય તેવા મહાપુરુષ હતા - મનુવર્યજી મહારાજ ૨૮૩
૧૫. યોગીજી મહારાજ સ્વામિનારાયણ હતા છતાં અમારા હતા. વસ્ત્રમાં તાંતણા જુદા પણ વસ્ત્ર તો એક જ ! આનું નામ વિશ્વબંધુત્વ, વિશ્વપ્રેમ છે - વાસુદેવાનંદજી મહારાજ. ૨૮૪

**૩. યોગીજીને મન ગરીબ તવંગર એક સમાન**

૧. ભૂજમાં ગરીબ ખેડૂતની ઝૂંપડી પાવન કરી. ૧૩૭
૨. રાજાભાઈ રાઠોડ ગરીબ હરિભક્તના ઘેર પધરામણી. ૧૩૯
૩. જેઠાભાઈ પરબવાળાની ઝૂંપડીમાં પધાર્યા - જેઠાભાઈને ધામમાં તેડી ગયા. ૧૪૦-૧૪૧
૪. સારીંગ ગામમાં ગરમીમાં પણ હરિભક્તને રાજી રાખવા પધરામણી. ૧૪૧
૫. ગરીબ સાંધાવાળાના ત્યાં બોટાદ સ્ટેશને તેની ઝૂંપડી પાવન કરી સ્ટેશન માસ્તરના ઘેર ઠાકોરજી જમાડ્યા. ૧૪૨
૬. ઈશ્વરભાઈ ભટ્ટના ઘરે તેમના પત્ની ધામમાં ગયેલ તેમને આશ્વાસન આપવા જસદણમાં મળવા ગયા. ૧૪૪
૭. આત્મારામ ભગત માટે પંખો તથા ફળની વ્યવસ્થા કરી. ૧૪૫
૮. વાઘોડિયાના ડાહ્યા ભગતને પ્રેમથી નાસ્તો અને ઉકાળો આપ્યો. ૧૫૦
૯. પેટલાદ સ્ટેશને ગાંડા જેવા માણસને પ્રસાદ મોકલાવ્યો. ૧૫૦
૧૦. વી.એસ. હૉસ્પિટલમાં ખોડાભાઈની તબિયત જોવા ગયા - ડૉ. ઈન્દ્રવદન મહેતાની તબિયત જોવા હૉસ્પિટલના બે દાદરા ચડીને ગયા. ૧૪૫-૧૪૬




૮૦૧

**પ્ર.૧૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ : ૬)**

**૧. ધારીમાં ઝીણાભાઈનો છેલ્લો દિવસ (૧૬-૧૭)** સંવત ૧૯૬૫ના કારતક સુદિ છઠની રાત્રે કમળશીભાઈ ઝીણાભાઈને મંદિરમાંથી ઘેર તેડી લાવ્યા - માતાએ પુત્રના સોળ વર્ષના જીવનનું સરવૈયું કાઢવા માંડ્યું - સંવત ૧૯૬૫ના કારતક સુદિ સાતમને દિવસે માતાએ કંસાર બનાવ્યો - ભાભી નંદુબાએ કંસાર પીરસ્યો - માતા તથા ભાભીએ ચાંદલો કરી આપેલી વિદાય - મંદિરમાં નારણજી મહારાજના આશીર્વાદ - કુકાવાવ સુધી વળાવવા ગયેલા કમળશીભાઈ - અંતિમ મિલન - કમળશીભાઈની ભીની આંખો - જ્ઞાની હોવાથી દુ:ખ છુપાવીને ઝીણાભાઈને કહ્યું ભાઈ ! કુળની લાજ રાખજો. ત્યાગને દીપાવજો. શ્રીજીમહારાજ તમારી રક્ષા કરશે.

**૨. દાસત્વના શિખરે બિરાજતા યોગીજી મહારાજ**


| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા -'સેવાથી સત્પુરુષ હૃદયમાં (જ્ઞાનનો) પ્રકાશ પાથરી દે' યુવાનને-'વાસણ ઘસવાથી આ પ્રાપ્તિ થઈ છે.' | ૮૧ |
| ૨. | દાસત્વનો આદર્શ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, સદ્‌ગુરુ પરમહંસો. | ૮૨ |
| ૩. | 'અત્યારે તો જોગી જ મારી લાજ રાખશે.'- શાસ્ત્રીજી મહારાજ - ૪૦ સદ્‌ગુરુઓની સેવા - મને અંતરમાં શાંતિ છે. | ૮૪ |
| ૪. | પીરસવાનું પુણ્ય મોટું છે - આફ્રિકામાં યુવકોના કપડાં ધોયા - કોઠારી બબુભાઈનું ધોતિયું તારવવા લીધું. | ૮૫ |
| ૫. | અટલાદરામાં રાત્રે બાર વાગે સી. ટી. પટેલને સૂવાની વ્યવસ્થા કરી આપી. | ૮૬ |
| ૬. | રામોદમાં કથાવાર્તા કરી રસોઇ કરી. માતમ સ્વામી બહુ દયાળુ. પ્રેમથી સેવા આપી. | ૮૬ |
| ૭. | ૭૬ વર્ષની ઉંમરે ગોંડલમાં રસોડામાં સેવા કરી બગીચો સાફ કરવા લાગ્યા.- ગુરુ થવામાં માલ નથી. | ૮૭ |
| ૮. | ૭૪ વર્ષની વયે અનેક રોગો છતાં 'વાસણ ઉટકવાનો ઉત્સાહ.' | ૮૭-૮૮ |
| ૯. | દેહની શિથિલતાથી સેવા ન થતી ત્યારે સ્વપ્નમાં પણ સેવા.- ગૌશાળા સાફ કરી - હરિભક્તોને પાણી પાયું - ચાણસદમાં દસ શેરની રોટલી ને અધમણનું શાક કર્યું. - ઉપસંહાર | ૮૮-૮૯ |


**૩. યોગીજી મહારાજના મુખે શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા**


| | | |
|---|---|---|
| ૧. | ભાવનગરમાં જયંતિભાઈ આગળ - આપણને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાય છે તે કલ્યાણ થઈ જ ગયું છે. | ૧૧૭ |
| ૨. | ૪૦ વર્ષ સુધી શાસ્ત્રી મહારાજની અનુવૃત્તિ સાચવી છે. | ૧૧૮ |
| ૩. | શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું જ કર્યું છે. | ૧૧૮ |
| ૪. | વીસ વર્ષ શાસ્ત્રીજી મહારાજની પૂજા પાથરી છે. | ૧૧૮ |
| ૫. | ગુરુમાં સંપૂર્ણપણે જોડાઇ તદ્‌વત્ ભાવને પામવું. | ૧૧૮ |
| ૬. | ગુરુ સાથે પોતાની તુલના ન થવા દેતા કોઈ કરે તો ચાંદ્રાયણ કરવાનું પ્રાયશ્ચિત. | ૧૧૯ |
| ૭. | શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા કે ઇચ્છા આગળ પોતાનો આગ્રહ કે સિદ્ધાંત પકડી રાખતા નહીં. | ૧૧૯ |
| ૮. | જુદા જુદા અવસરે શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. | ૧૨૦ |
| ૯. | ૮૦ મી જન્મ જયંતીએ 'સ્વામિનારાયણ પ્રકાશમાં ગુરુ ગુણ.' | ૧૨૧ |
| ૧૦. | પ્રાકટ્ય સ્થાન મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા. | ૧૨૨ |
| ૧૧. | શાસ્ત્રીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ પ્રસંગે : આ અમૂલ્ય સેવાનો લાભ ભવ બ્રહ્માદિકને દુર્લભ છે. જે કરે તેનો મોક્ષ થશે. | ૧૨૩ |
| ૧૨. | મહેળાવ ગુરુચરણમાં પ્રાર્થના. | ૧૨૩ |


**૪. જૂનાગઢથી જ્ઞાનજીવનદાસનું મહાપ્રસ્થાન :**


| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા | ૨ |
| ૨. | કૃષ્ણચરણદાસ સ્વામીની રજા - નીલકંઠ સ્વામીનો રાજીપો. | ૨૯ |

૩. શાસ્ત્રીજી મહારાજનો વિજ્ઞાનદાસ સ્વામી ઉપર પત્ર - શાસ્ત્રીજી મહારાજનો કેશવલાલ દીવાન પર પત્ર - કેશવલાલ દીવાનની મદદ - ઠાકોરજીના દર્શનથી સંતોના અંતરમાં શાંતિ. ૩૦

૪. જ્ઞાનજી સ્વામીની સર્વોચ્ચ મૂડી હરિકૃષ્ણ મહારાજની પ્રાપ્તિ - પાર્ષદ નારાયણ ભગતનો વિષાદ. ૩૧

૫. મુંબઈવાળા ભગવાનદાસ શેઠનો સહયોગ - કૃષ્ણજી અદાની સહાય - સંતમંડળ રાજકોટમાં - સંવત ૧૯૬૭ અષાઢ સુદ ૧૩, તા. ૯-૭-૧૯૧૧ ના રોજ શાસ્ત્રીજી મહારાજ સાથે મિલન. ૩૨

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : ૨ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

**૧. અડવાળમાં નારાયણભાઈ પટ્ટણી ઉપર સ્વામીશ્રીની વાત્સલ્યવર્ષા (૧૬૧)**

**પ્રસંગ :** એક વખત નારાયણભાઈ પટણી અડવાળ આવે છે. એવા સમાચાર આવ્યા એટલે સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈ સાથે એક યુવકને તેમને રાયકા સ્ટેશને લેવા મોકલ્યા. ત્રણેય યુવકો ઉનાળાના ભરબપોરે રાયકા સ્ટેશનેથી અડવાળ તરફ ચાલીને આવી રહ્યા હતા. એવામાં નારાયણભાઈનું એક ચંપલ તૂટી ગયું. એટલે ઉઘાડા પગે એમને ચાલવું પડ્યું. અડવાળ પહોંચતાં સુધીમાં તો સખત તાપને લીધે તેમના પગમાં ફોલ્લા પડી ગયા. સ્વામીશ્રીએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમને ઘણું દુઃખ થયું. જાણે પોતાને લીધે નારાયણભાઈને એ મુશ્કેલીમાં મુકાવું પડ્યું હોય એમ પોતે વ્યથિત થઈ ગયા. ઊભા થઈને નારાયણભાઈને મળ્યા અને બોલ્યા : 'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના... જીવનપ્રાણ આવી ગયા !' પછી હેતથી શરીરે હાથ ફેરવતાં કહે, 'શરીર કેમ સૂકાઈ ગયું ? અને ફરીથી ભેટ્યા અને બોલ્યા : 'જગતની ગંધ કાઢી નાખવી છે. ચિંતા કરશો નહીં.'

**મનન :** બીજાનું દુઃખ પોતાનું દુઃખ છે. ભગવાનના ભક્તનો અપાર મહિમા. જીવના કલ્યાણની ભાવના.

**૨. 'જે સ્વામિનારાયણના મંદિરમાં વાંચે તે નાપાસ ન થાય.' (૬)**

**પ્રસંગ :** ધારીના સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની સેવા-પૂજા મોહનકાકા કરતા તેથી ઝીણાભાઈ નાની વયથી જ રાત્રે મંદિરમાં સૂતા. વળી પાંચ સાત બાળમિત્રોને પણ આગ્રહપૂર્વક મંદિરમાં સૂવા લઈ જતા ને તેમને કહેતા : 'જે સ્વામિનારાયણના મંદિરમાં વાંચે તે નાપાસ ન થાય.' પરોઢિયે ચાર વાગે ઊઠી નિત્યનિયમથી પરવારી ઝીણાભાઈ બાળમિત્રોને વાંચવા ઉઠાડે. આરતી પછી બાળમિત્રોને દંડવત્ કરાવે, ધૂન કરાવે. બાળમિત્રો આવી ભક્તિચેષ્ટાથી થાકી જતા. પણ ઝીણાભાઈ કદી થાકતા જ નહીં. સંધ્યા આરતી વખતે ઝીણાભાઈ મંદિરે અચૂક પહોંચી જાય. આ રીતે નિશાળ અને મંદિર આ બે સ્થાન જ એમના શૈશવકાળનાં પ્રિયસ્થાન હતાં.

**મનન :** 'પુત્રના લક્ષણ પારણે.' એમ બાળપણથી સંબંધમાં આવનાર દરેકને ભગવાનની ભક્તિ તરફ વાળતા. શૈશવકાળથી જ મંદિર અને ઠાકોરજીની સેવા-ભક્તિનું જ પ્રાધાન્ય.

**૩. સી. સોમાભાઈ ચા'વાળાને સ્વામીશ્રીની અંતર્યામી શક્તિનો પરિચય થયો. (૨૨૮)**

**પ્રસંગ :** રણછોડજી, શિવજી અને છેલ્લે માતાજીના ઉપાસક બનેલા સોમાભાઈ ઈશ્વરભાઈ મસાલાવાળાના આગ્રહથી સ્વામીશ્રીના દર્શને - પધરામણી કરાવી અમુક સેવા કરવાનો સંકલ્પ - ઈશ્વરભાઈ : સ્વામીશ્રી અંતર્યામી છે. તેવું સમજાવ્યું. - પરીક્ષા કરવાનું મન થયું - સ્વામીશ્રીની પધરામણી કરાવી - સ્વામીશ્રીના આશીર્વાદ 'દુકાનો ઘણી વધી જશે અને ધંધો સારો ચાલશે. અક્ષરદેરીએ સેવા કરતા રહેશો.'-સેવા માટે પૂછતાં તેમના મનના વિચાર પ્રમાણે જ જણાવ્યું. - 'સ્વામીશ્રી અંતર્યામી ખરા !' - ખૂબ નિષ્ઠાવાળા ભક્ત થયા.

**મનન :** અન્ય દેવોના ઉપાસક સ્વામીશ્રીના પ્રસંગમાં આવ્યા પછી 'જોગી જોયા, જોવાનું કાંઈ ના રહ્યું રે ...'

**૪. સ્વામીશ્રી બોલ્યા, 'પ્રમુખ સ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે !' (૨૭૪)**

**પ્રસંગ :** તા.૧૮-૧-૭૧ના દિવસે સંતોએ પ્રાર્થના કરી : 'બાપા, રોગ ઘાટમાં નાખી દો.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ઘાટમાં હોય ? ઘાટની પેલે પાર.' રણછોડભાઈએ રોગની માગણી કરી તો કહે આ તો અમૂલ્ય છે. સૌએ પૂછ્યું : ક્યારે મટી જશે ? તો કહે આઠ દિવસમાં. છ દિવસ થઈ ગયા એમ કહ્યું ત્યારે કહે હવે બે દિવસમાં મટી જશે. સંત સ્વામી પધારતા ખૂબ આનંદમાં. સંતોએ કહ્યું : 'હજારો હરિભક્તો આવ્યા છે. સૌ દેરીમાં ધૂન કરે છે. ગામોગામ પ્રાર્થના થાય છે. ત્યારે કહે, 'બહુ મહિમા સમજાયો.' રાત્રે દૂધ માગ્યું, ગળામાં બળવાની ફરિયાદ કરી.

રાત્રે ૨-૩૦ વાગે ખીચડી માગી. ફાવી નહિ એટલે છાશ સાથે પ્રવાહી બનાવીને પીધું. હર્ષદભાઈને બોલાવીને કહ્યું: 'હવે દેહ નહીં રહે.' ત્યારે તેમણે કહ્યું : 'બાપા, અમારો આધાર તો આપ છો. આપ નહીં હો ત્યારે અમારું કોણ ?' તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રમુખસ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે ?'

**મનન :** માંદગીમાં પણ સંતો સ્મૃતિ આપતી રમૂજ કરી દિવ્ય આનંદ કરાવતાં. પોતાના વારસદારની ઓળખ આપી.

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **જીવીશું સ્વામીને માટે : (૧)** શીર્ષક 'જીવીશું સ્વામીને માટે' તો પ્રશ્ન થાય કે આપણને જીવન આપ્યું કોણે ? જીવન ટકી રહ્યું છે કોની ઈચ્છાથી ? તો જેના અનુગ્રહથી જીવન મળ્યું, જીવન જીવી રહ્યા છીએ તેના માટે જ જીવવાનું હોય ને ? આ સ્વાભાવિક જ વાત છે. **(૨)** કવિશ્રી 'મોતી'નું શૌર્યગીત. શાસ્ત્રીજી મહારાજ ઉપાસનાના પ્રવર્તન માટે વરતાલથી નીકળ્યા તે સમયે સંતો ભક્તોને બળ મળે, સમર્પણ માટે તૈયાર થાય તે માટે આ ગીત ખૂબ ગવાતું. શાસ્ત્રીજી મહારાજ માટે, સંસ્થા માટે, ઈષ્ટદેવ માટે, ઉપાસનાના પ્રવર્તન માટે, મરવા માટે તૈયાર થઈ જાય તેવા સંતો-હરિભક્તોની ફોજ શાસ્ત્રીજી મહારાજ સાથે વિચરણમાં જોડાઈ હતી. (પ્રસંગો હરિભક્તો-સંતોના નામ આપી શકાય.) **(૩)** ગુરુ શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે અને આજે પ્રગટ ગુરુ પ્રમુખસ્વામી મહારાજે અપાર કષ્ટો વેઠીને આ ગુણાતીત બાગ ખીલવ્યો છે. ગુણાતીત ફૂલવાડીને કંટક રહિત કરીને ગુલાબ-મોગરાનું વાવેતર કર્યું છે. (પ્રસંગો લખવા) સંતો-હરિભક્તો માટે સુખપાલમાં બેસીને ભજન કરવાની સુગમતા કરી આપી છે. હવે આપણે સ્વામીને માટે મરવાનું નથી, કષ્ટો વેઠવાનાં નથી. **(૪)** હવે તો જીવવાનું છે સ્વામીને માટે. ગુરુનું ઋણ અદા કરવા માટે, તેમની ખીલવેલી ફૂલવાડીને સાચવવા માટે આપણે જીવવાનું છે. ગુરુની આજ્ઞા અદ્ધર ઝીલીને ઉપાસનાની દ્રઢતા, સ્વરૂપનિષ્ઠા દ્રઢ કરીને જીવવાનું છે. સંસ્થા દ્વારા ઉજવાતા ઉત્સવો, સમૈયાઓ, મંદિર નિર્માણ તેમજ સંસ્થાની પ્રવૃત્તિમાં સ્વામીશ્રીએ ઉપાડેલ ગોવર્ધન પર્વતને આપણે ફક્ત આંગળી અડાડીને સહકાર આપવાનો છે. (પ્રસંગો લખી શકાય આપણે શું કરીએ તે પણ લખી શકાય.) **(૫)** ગુરુનો રાજીપો પ્રાપ્ત કરવા માટે ઘરસભા, કરીએ, સંપ, સુહ્રદભાવ એકતા, આપણા પરિવારમાં અને સત્સંગ મંડળોમાં રાખીને જીવીએ. સંસ્થાના વિકાસમાં આપણે મદદરૂપ થઈએ. ગુરુનું નામ, સંસ્થાનું નામ લેશ માત્ર પણ ઝાંખું ન પડે તે રીતે આપણે જીવીએ. પરિવારમાં સત્સંગ દ્રઢ થાય તે રીતે જીવન જીવીએ. સ્વામીશ્રીના મહિમાનો, ઈષ્ટદેવના મહિમાનો, સંસ્થાનો પ્રચાર સારી રીતે કરી શકીએ તે રીતે આપણે જીવન જીવીએ. (પ્રસંગો - આપણું વર્તન કેવું હોવું જોઈએ તે પણ લખી શકાય.) આપણે સંસ્થાના, ગુરુના પ્રતિનિધિ બનીને જીવીએ. જેણે આપણને જીવન આપ્યું, સત્સંગ આપ્યો, ઈષ્ટદેવની ઓળખાણ કરાવી અક્ષરધામના અધિકારી બનાવ્યા તેવા સ્વામી માટે આપણે જીવન જીવીશું. - ઉપસંહાર.

૨. **અક્ષરબ્રહ્મ : ભગવાન સ્વામિનારાયણના શબ્દોમાં : (૧)** ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષરપણાને યાદ કરીએ ત્યારે હિતોપદેશમાં કહેલ પંક્તિઓ અવશ્ય યાદ આવી જાય. 'દીવાને ઊંધો કરીએ તો પણ જ્યોતિ તો ઉપરની તરફ જ જાય. **(૨)** ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર નથી તેવું પ્રતિપાદન કરવા માટેના સઘન પ્રયાસો - સ્વામીનું મૂળ અક્ષરપણું લોકોને ન સમજાય અને તેમનો મહિમા વધી ન જાય તે માટે સંપ્રદાયના અન્ય સંતો-ભક્તોની પણ અક્ષર તરીકે ઓળખાણ - પદાર્થોને પણ અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવ્યા. લેખો-ભાષણો-અપપ્રચારની આંધી તેમ છતાં ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ તરીકે સમગ્ર વિશ્વમાં વિખ્યાત થતા જ જાય છે. નવાં નવાં મંદિરોમાં શ્રીજીમહારાજના અનન્ય સેવક તરીકે મહારાજની સમીપમાં જ મધ્ય મંદિરમાં બિરાજમાન - તેઓની પણ શ્રીજીમહારાજની સાથે જ સરખી સેવા - આરતી, પૂજન, થાળ વગેરે. ઉપર કહ્યા મુજબ દીવો ઊંધો કરવામાં આવ્યો છતાં જ્યોતિ તો ઉપરની તરફ - પ્રસારણ ચાલુ જ - કારણ સ્વામી કોઈના કરાવ્યા મૂળ અક્ષરબ્રહ્મ નથી -

પરંતુ ભગવાન સ્વામિનારાયણે જ સ્વયં તેમને મૂળ અક્ષર કે અક્ષરબ્રહ્મ તરીકે ઘોષિત કર્યા હતા - તેમજ તત્કાલિન વરિષ્ઠ સંતોએ તે વિગત પર મહોર મારી હતી. (૩) આ સત્ય હકીકતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો સ્વયં શ્રીજીમહારાજના મુખે : **પ્રસંગ-૧ :** એક વખત ઘેલા નદીમાં સ્વામીશ્રીનો એક પગ ભેખડમાં ભરાયો - ઘણા પ્રયત્નો છતાં ન નીકળ્યો - મહારાજે દર્શન દઈને ધીરેથી પગ કાઢવા કહ્યું. બરાબર એ જ સમયે અક્ષરઓરડીમાં શ્રીહરિ પણ બોલી રહ્યા હતા, 'અમારો પગ કાઢો નહીં તો ભાંગી જશે.' આશ્ચર્ય પામતા મૂળજી બ્રહ્મચારીના પૂછવા પર મહારાજે હસતાં હસતાં કહ્યું 'અમારું અક્ષરધામ જે ગુણાતીતાનંદ સ્વામી તેમનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયો હતો તે માંડ કાઢ્યો.' આમ, મૂળજી બ્રહ્મચારીને મહારાજે પોતાના અક્ષરધામની ઓળખ કરાવી. **પ્રસંગ-૨ :** મહારાજ ગઢપુરથી વરતાલ - સદ્‌ગુરુ સંતો-હરિભક્તો સાથે હતા - અચાનક વરસાદનું આવવું - તરત જ સ્વામીએ મહારાજનો આપેલ ધાબળો નિષ્કુળાનંદ સ્વામીને બે છેડા પકડવા આપી બે છેડા સ્વયં પકડીને મહારાજની વરસાદથી રક્ષા - મહારાજ બોલ્યા, 'અહો ! અક્ષરનો આ લોકમાં પણ અમારી સેવામાં અને ધામમાં પણ અમને અખંડ ધારી રહ્યા છે. સદ્‌ગુરુ સંતોના પૂછવા પર મહારાજ બોલ્યા બધા તો સેવામાં છે પણ અમારી સેવા જેવી અક્ષર કરે છે તેવી બીજું કોઈ કરી શકતું નથી. અમારો મહિમા પણ અક્ષરના જેવો બીજો કોઈ સમજી શકતું નથી. અક્ષર તો અમારા અનાદિના સેવક છે. આમ અક્ષરબ્રહ્મ અનેક અક્ષરમુક્તો કરતાં અનેકગણાં વિશેષ. **પ્રસંગ-૩ :** નાજા જોગિયા કહે 'મહારાજ આ ગુણાતીતાનંદ સ્વામી તો આપને અખંડ સંભાર્યા કરે છે.' નાજા એ તો અમારે રહેવાનું અક્ષરધામ - અમારે અને એમને જેટલો સંબંધ એટલો બીજાને નથી. અમારી સમીપના - અમારી સમીપે રહીને સદા અમારી સેવામાં. **પ્રસંગ-૪ :** જૂનાગઢની મૂર્તિ પ્રતિષ્ઠા પહેલાં પૂનમની સભામાં મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો સત્કાર કરી ગાદી તકિયા પર બિરાજમાન કર્યા. આ સ્વામીને તો અમે અક્ષરધામથી અમારી સાથે લાવ્યા છીએ. અમારું સાક્ષાત્ અક્ષરધામ સાધુરૂપે - આ ઉપરાંત નવાબ સાહેબે મહારાજને જૂનાગઢ રહેવા કહ્યું તેથી મહારાજ કહે અમે અમારા જેવા જ, અમારું સ્વરૂપ આ સાધુરૂપે અહીં રાખ્યા છે તેમની સેવા-સમાગમનો લાભ લઈ કૃતાર્થ થશો. **પ્રસંગ-૫ :** જૂનાગઢ મંદિરમાં રહેતા સંતો વાંસ કાપવા માટે ગિરના જંગલમાં - પાછા વળતાં મોડું. સ્વામીને ચિંતા - સાધુઓ જ્યાં વિસામો ખાવા બેસતા ત્યાં આવી સ્વામી બેઠા. બધા સંતો કાળવા નદીમાં પાણી પીવા - શિવાનંદ સ્વામી આત્મનિવેદી. મહારાજની ચરણ વગર પાણી પણ ન પીતા. સ્વામીએ પોતાના ચરણ પાસેની બધી જ રજ શ્રીજીમહારાજની ચરણરજ છે એમ કરી શિવાનંદ સ્વામીને પાણી પીવાની આજ્ઞા - એક સાધુને આ ન રુચ્યું - મહારાજને ફરિયાદ - મહારાજ કહે પાણી પાઈને સાધુના જીવતા રાખ્યા - આ તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ. તેમનાં ચરણોમાં તો કોટિ ગંગા, કોટિ કાશી અને અનેક તીર્થો રહ્યાં છે. **પ્રસંગ-૬ :** ૧૮૮૪માં જૂનાગઢમા સ્વામી સગડી પાસે તાપતાં તાપતાં તપી ગયા. મહારાજને ગઢડામાં ગરમી લાગી - નહાવા માટે ઠંડું પાણી માગ્યું - અક્ષરધામ તાપવાથી અમે તપી ગયા - અક્ષરધામ મૂર્તિમાન ગુણાતીતાનંદ સ્વામી, તે તાપવાથી અમે પણ તપી ગયા. **પ્રસંગ-૭ :** એક વખત કારિયાણીમાં શ્રીજીમહારાજ માંચાખાચરના પલંગમાં પોઢ્યા હતા. એકદમ ઝબકીને જાગી ગયા. 'હં' એમ મોટેથી બોલીને એક હાથ અદ્ધર કર્યો - સેવકો આશ્ચર્યમાં આમ કેમનું ? અમારું મૂર્તિમાન અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વંથળી - તેમને ઠેસ વાગી એમણે અમારું નામ લીધું એટલે અમે ઝબકીને જાગી ગયા અને અત્યારે ખોડંગાતા ચાલે છે એટલે તેમને ટેકો દેવા અમે હાથ અદ્ધર રાખ્યો છે. આમ અક્ષરબ્રહ્મ સાથે પોતાને અખંડ એકતા - અને એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે તે સમજાવ્યું. **પ્રસંગ-૮ :** જૂનાગઢ મંદિરના કામ વખતે રાત્રે ત્રણ વાગે પાર્ષદો ડુંગરમાં વાંસ કાપવા માટે - સ્વામીએ કાળા પથ્થર પર કુહાડી મારી પાણી કાઢી સંતોને પાયું - ભૂખ સંતોને લાગી છે તેમ જાણી સ્વામીના સંકલ્પથી શ્રીજીમહારાજ લંગડા બ્રાહ્મણના વેશે બરફી, પેંડા વગેરે લઈને પધાર્યા. પરંતુ પાર્ષદોની પૂજા મંદિરમાં - તેથી આ બધું ખાતાં અચકાતા હતા. સ્વામીએ મહારાજને પાર્ષદોને દર્શન દેવાં પ્રાર્થના - સ્વામીના સંકલ્પથી મહારાજ દિવ્યદેહે - છતાં ઘણા સાધુઓને શંકા - થોડા દિવસો બાદ મહારાજે ઠપકો આપ્યો કે હું જાતે આવ્યો છતાં મારી પર વિશ્વાસ ન આવ્યો. એ સાધુ તો અમારે રહેવાનું અક્ષરધામ છે. અમે તેમનામાં અખંડ વાસ કરીને રહ્યા છીએ તેથી તેમની આજ્ઞામાં રહેજો એમ કહી શિખામણ આપી. (૪) આમ મહારાજે અનેક પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષરપણાનું પ્રતિપાદન - સંપ્રદાયના અગ્રગણ્ય પરમહંસ ગોપાળાનંદ સ્વામીએ પણ આ બાબત અનેક વાર સાક્ષી પૂરી હતી. (પ્રસંગ) વિક્રમ સંવત ૧૮૬૯ના માગસર માસમાં ગુણાતીતાનંદ સ્વામી વડોદરામાં - ગોપાળાનંદ સ્વામી પણ ત્યાં જ - તેથી શોભારામ શાસ્ત્રીએ

સંતોનું જમવાનું આમંત્રણ - શાસ્ત્રીને પૂનમનું ગ્રહણ યાદ ન રહ્યું ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું તમને આવતી કાલનું પૂનમનું ગ્રહણ ભૂલી ગયા. શોભારામ શાસ્ત્રી કહે તેમને અક્ષરધામમાં પણ ગ્રહણ નડશે ખરું ? ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે શાસ્ત્રી ! જુઓ આ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ. તેમને ગ્રહણ નડતું નથી. માટે તે કહે તો અમે જમવા આવશું. ગુણાતીતાનંદ સ્વામી કહે શાસ્ત્રીજી અક્ષરધામમાં તો ગ્રહણ હોય જ નહિ. આ બધું અહીં જ છે તેમ છતાં તમારે જમાડવાનો આગ્રહ હોય તો ગ્રહણ નડશે નહિ અને પોષ મહિનાની પૂનમે જ થશે. અને શાસ્ત્રીના આશ્ચર્ય વચ્ચે ગ્રહણ તે દિવસે ન થયું અને પોષ માસની પૂનમે થયું. ગ્રહો, તારા, નક્ષત્ર પર સ્વામીશ્રીની નિયામક શક્તિ જોઈને સ્વામી અક્ષરબ્રહ્મ છે તેવી સૌને પ્રતીતિ. (૫) આમ સ્વામીશ્રીનું મૂળ અક્ષરપણું यावदचंद्र दिवाकरौ । यावत स्थास्यन्ति गिरयः सरितश्च महीतले । જ્યાં સુધી પૃથ્વી પર પર્વતો ઊભા હશે અને સરિતાઓ વહેતી રહેશે ત્યાં સુધી નાદ ગુંજતો રહેશે કે ગુણાતીતાનંદ મૂળ અક્ષરબ્રહ્મ. (૬) ઉપસંહાર : આમ રંગોત્સવ, રાસલીલા, સાધારણ કથાપ્રસંગ હોય મહારાજે સ્વામીને અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવ્યા છે.

૩. **હમ એક હૈ, એકતા હૈ શક્તિ હમારી :** (૧) બી.એ.પી.એસ. નું મુખ્ય સૂત્ર ‘સંપ, સુહૃદભાવ, એકતા.’ આ ત્રણે શબ્દો એકબીજાના પર્યાયવાચી છતાં સૂક્ષ્મ ભેદ છે પરંતુ મુખ્ય વાત એકતાની છે. શ્રીજીમહારાજથી લઈને ગુરુપરંપરાએ એકતા પર અતિશય અનન્ય ભાર - એકતા એ જ શક્તિ. (૨) કોઈપણ ક્ષેત્રમાં એકતા તે ક્ષેત્રમાં ટકી રહેવા અથવા તો તેને ટકાવી રાખવા એકતા એ અતિ આવશ્યક પછી તે રાજકીય હોય, સામાજિક હોય કે આધ્યાત્મિક ક્ષેત્ર હોય. (પ્રસંગો લખવા) (૩) રાજા-પ્રજા કે રાજા-દિવાન વચ્ચે. જે રાજ્યોમાં એકતા ન હોય તે રાજ્યોનું પતન. તેથી જ આધ્યાત્મિક ક્ષેત્રે પણ એકતા જરૂરી. (પ્રસંગો) તેમાં પ્રથમ સૈદ્ધાંતિક એકતા પર ખૂબ ભાર મૂકાય છે. એક જ સિદ્ધાંતને વળગી રહેનાર સંસ્થાની પ્રગતિ અતિ વેગવંતી - બી.એ.પી.એસ.નો હરણફાળ જેવો વિકાસ સૈદ્ધાંતિક એકતાને આભારી. (પ્રસંગો લખવા) એક જ ગુરુ અને એક જ ઈષ્ટદેવને ભજતા અનુયાયીઓ શિષ્યગણ વચ્ચે એકતા ટકી રહે છે. આપણે સૌ સ્વામીશ્રી સાથે, ગુરુ સાથે એક જ દોરીથી બંધાયેલ છીએ - સ્વામીશ્રી દોરી છે, આપણે માળાના મણકા છીએ - આપણી એકતા, આપણી સંઘશક્તિ ગુરુપરંપરાને આભારી. (પ્રસંગો લખવા) (૪) આ એકતા એ જ આપણી શક્તિ - જ્યાં એકતા ત્યાં શક્તિ છે. કળિયુગમાં સંઘશક્તિ બળવાન છે તેમ કહેવાય છે. બી.એ.પી.એસ.ના ઉત્સવ-સમૈયા, અન્ય આયોજનો એ બધું આપણી એકતાને આભારી છે. ગુરુના એક જ વચને સૌ આજ્ઞા ઝીલવા તત્પર - તન, મન, ધનનું સમર્પણ વિશ્વભરમાં અને તે પણ વિદેશોમાં આટલા બેનમૂન રાજમહેલ જેવાં મંદિરો જાણે ધરતીના પેટાળમાંથી કાઢ્યા હોય તેવાં ખડાં કરી દેવા તે એકતાને જ આભારી. (૫) એકતાની શક્તિ વિષેના શ્લોક, કીર્તન, સાખી, પ્રસંગો વગેરે લખી શકાય. (૬) ઉપસંહાર.

❑ ❑ ❑